## રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય,સેક્ટર-૨૧ ગાંધીનગર

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ માટેની લોઅર લેવલની ખાતાકીય પરીક્ષા

જાહેરનામા:ક્રમાંક:બિ.સ.અનુ.મા-ઉ.મા.શ.બિન શૈક્ષણિક કર્મચારી/ખા.પ/૨૦૨૬/૮૯-૧૦-૮૬૪૭ તા.૨૪/૦૯/૨૦૨૬

વંચાણે લીધા :

૧. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૩૦૫/૧૯૩૪/ગ, તા.૦૧/૦૯/૨૦૦૭

૨. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/ ૧૨૧૯/૯૧૪/છ, તા.૦૧/૦૯/૨૦૨૦

૩. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/ ૧૧૨૦૨૦/૧૫૪૨/ ગ, તા.૩૧/૦૮/૨૦૨૧

૪. શિક્ષણ વિભાગના સુધારેલ ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2022/2406/G,તા.૧૭/૪/૨૦૨૩

૫. શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:ED/MIS/e-file/3/2024/4953/G,તા.૧૧/૧૧/૨૦૨૪.

આમુખ-૧ થી રાજયની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાની જોગવાઈ દાખલ કરવાનું જણાવેલ છે. આમુખ-૨ અનુસાર રાજયની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓએ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ માટે સરકારશ્રીના ધારાધોરણ મુજબ ખાતાકીય પરીક્ષા પાસ કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે અનવ્યે આમુખ-૩, ૪ અને ૫ અનુસાર બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓમાં પ્રથમ પગાર ધોરણ/સિનિયર કલાર્કમાં બઢતી/(લેવલ-૨ માંથી લેવલ-૪(ગ્રેડ પે-૧૯૦૦માંથી ગ્રેડ પે - ૨૪૦૦) મેળવવા માટે લોઅર લેવલની ખાતાકીય પરીક્ષા લેવા અંગેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

❖ **પરીક્ષાની તારીખ :-**

આ પરીક્ષા તારીખ- ૨૮ અને ૨૯ નવેમ્બર ૨૦૨૬ના રોજ લેવાશે.

❖ **આવેદનપત્રો ભરવાનો સમયગાળો:-**

આ પરીક્ષા માટેના આવેદનપત્રો બોર્ડની વેબસાઈટwww.sebexam.org પર તા.૨૪/૦૯/૨૦૨૬ થી તા.૩/૧૦/૨૦૨૬ દરમ્યાન ઓનલાઇન ભરવાના રહેશે.

❖ **આવેદનપત્રો મોકલવા અંગેની અંતિમ તારીખ દર્શાવતી સમય સારણી :**

ઉમેદવારોએ ઓનલાઇન ભરેલા આવેદનપત્રોની પ્રિન્ટ કાઢી તેની નકલ નીચે દર્શાવેલ સમય સારણીમાં દર્શાવેલ વિગતો મુજબ નક્કી થયેલ અધિકારીઓની કચેરી ખાતે જરૂરી આધારો સાથે જમા કરાવવાના રહેશે.

| ક્રમ | આવેદન પત્રો મોકલનાર | કોને મોકલશે | અંતિમ તારીખ |
|---|---|---|---|
| ૧ | બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ફરજ બજાવતા કલાર્ક સંવર્ગ (લેવલ-૨(ગ્રેડ પે-૧૯૦૦)વર્ગ-૩ | સંબધિત શાળાના આચાર્યશ્રી | તા.૫/૧૦/૨૦૨૬ |

| | | | |
|---|---|---|---|
| ૨ | સંબધિત<br>શાળાના આચાર્યશ્રી | સંબધિત<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રી<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી | તા.૧૦/૧૦/૨૦૨૬ |
| 3 | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી | સચિવશ્રી,<br>રાજ્ય પરીક્ષા બોર્ડ,<br>ગાંધીનગર | તા.૧૭/૧૦/૨૦૨૬ |

❖ **પરીક્ષા કેન્દ્ર :-** ગાંધીનગર/અમદાવાદ ખાતે આ પરીક્ષાનું કેન્દ્ર રાખવામાં આવશે.

❖ ઉમેદવારો માટે અગત્યની સૂચનાઓ:-

➢ શિક્ષણ વિભાગના તા.૩૧/૮/૨૦૨૧ના ઠરાવ મુજબ નિયમિત નિમણૂંકના બે વર્ષ બાદ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓમાં કલાર્ક સંવર્ગ(લેવલ-૨(ગ્રેડપે-૧૯૦૦) વર્ગ-૩માં ફરજ બજાવતા ઉમેદવારો આ પરીક્ષા માટે પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

➢ ઓનલાઈન ફોર્મ ધ્યાનથી સમજી વિચારીને ચીવટપૂર્વક ભરવું, ઓનલાઈન ફોર્મમાં દર્શાવેલ વ્યક્તિગત વિગતો જેવી કે નામ, અટક, જન્મતારીખ વગેરેમાં પાછળથી કોઈપણ પ્રકારનો સુધારો કરી આપવામાં આવશે નહિ.

➢ ઉમેદવારે અરજી સાથે પરીક્ષામાં બેસવા માટે શાળાના વડા દ્વારા અપાયેલ પરિશિષ્ટ-C મુજબનું પાત્રતા પ્રમાણપત્ર ફરજિયાત બીડવાનું રહેશે. સમય સારણીમાં દર્શાવેલ નિયત સમયમર્યાદામાં આવેદનપત્ર સંબંધિત અધિકારીશ્રીને મોકલી આપવાનું રહેશે.

➢ પરીક્ષાના વિષયોનો અભ્યાસક્રમ તેમજ પ્રશ્નપત્રનું પ્રારૂપ શિક્ષણ વિભાગના તા.૩૧/૮/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૨૦૨૦/૧૫૪૨/ગ મુજબનું રહેશે.

➢ પરીક્ષા નીચે મુજબના ચાર વિષયોની લેવામાં આવશે. જેમાં ઉમેદવારે પેપર -1 થી 3 ના જવાબ પુસ્તકો સાથે અને પેપર-4 ના જવાબ પુસ્તકો વિના આપવાના રહેશે.

| ક્રમ | વિષય | પ્રશ્નપત્રનો પ્રકાર | સમય | ગુણ |
|---|---|---|---|---|
| ૧ | પ્રશ્નપત્ર ૧ - શાળા સંબંધી કાયદાઓ અને જોગવાઈઓ | MCQ (પુસ્તક સાથે ) | 2 કલાક | ૧૦૦ |
| ૨ | પ્રશ્નપત્ર ૨ - નાણાકીય બાબતો | MCQ (પુસ્તક સાથે ) | 2 કલાક | ૧૦૦ |
| 3 | પ્રશ્નપત્ર ૩ - પ્રકીર્ણ | MCQ (પુસ્તક સાથે ) | 2 કલાક | ૧૦૦ |
| ૪ | પ્રશ્નપત્ર ૪ - ગુજરાતી- અંગ્રેજી ભાષા તથા કચેરી કાર્યપધ્ધતિ | વર્ણનાત્મક (પુસ્તક વિના ) | 3 કલાક | ૧૦૦ |

➢ પુસ્તકો સાથે એટલે ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત કરાયેલા અધિનિયમ હેઠળ જાહેર કરાયેલા "કાયદાઓ.નિયમોનું સાહિત્ય રાખી શકશે/ઠરાવો/જાહેરનામા/પરિપત્રો/પુસ્તકો/ જયારે કાયદાઓ નિયમોને લગતુ કોઈ વ્યકતિએ પ્રસિધ્ધ કરેલ પુસ્તક કે ખાનગી પ્રકાશનોનું સાહિત્ય ઉમેદવાર રાખી શકશે નહિ."

➢ પુસ્તકોની વ્યવસ્થા ઉમેદવારે જાતે કરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

➢ ઉમેદવાર કોઈપણ ઇલેક્ટ્રોનિક કમ્યુનિકેશન ડિવાઇસીસ, જેમ કે સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર વગેરે પરીક્ષાખંડમાં સાથે લઈ જઈ શકશે નહીં.

- જો અરજદાર ખાતાકીય પરીક્ષામાં હાજર ન રહેવાનું નક્કી કરે છે, તો તે પરીક્ષા શરૂ થવાની તારીખના ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં સંબંધિત કચેરીના વડા દ્વારા બોર્ડને તેની જાણ કરવાની રહેશે.
- ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવ્યા બાદ ઉમેદવાર પરીક્ષામાં જાણ કર્યા વિના હાજર ન રહે તો ખાતાકીય પરીક્ષામાં પાસ થવાની એક તક ગુમાવશે .
- ફોર્મમાં માંગેલ વિગતો અચૂક દર્શાવવાની રહેશે. અધૂરી વિગતવાળા ફોર્મ રદ થવાને પાત્ર થશે.
- પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારોએ રાઇટરની મંજૂરી પરીક્ષા શરૂ થવાના ૨ દિવસ પહેલા સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસેથી મેળવવાની રહેશે.
- રાઈટરની મંજૂરી માટે ઉમેદવારે આચાર્યશ્રી મારફતે સિવિલ સર્જનના અપંગતાના પ્રમાણપત્ર સાથે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને દરખાસ્ત કરવાની રહેશે.
- ધોરણ-૧૧ સુધીના ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને રાઇટર તરીકે રાખી શકાશે.
- અકસ્માતના સંજોગોમાં તાત્કાલિક રાઈટરની આવશ્યકતા ઉભી થાય તો તે બાબતની જાણ કરી પરીક્ષા શરૂ થાય તે પહેલાં જરૂરી મંજૂરી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસેથી મેળવવાની રહેશે.

❖ <u>જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ની કચેરી માટે અગત્યની સૂચનાઓ:-</u>

- આપના કાર્યક્ષેત્રમાં આવતી શાળાઓને આ જાહેરનામા/પરીક્ષાની જાણ કરવાની રહેશે.
- ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થતા ઉમેદવારો ખરેખર બેસવાપાત્ર છે કે કેમ? તે અંગે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ચકાસણી કરીને પાત્રતા પ્રમાણપત્ર સાથેના શાળાઓમાંથી આવેલા આવેદનપત્રોમાં જરૂરી પ્રતિ હસ્તાક્ષર (સહી-સિક્કા) કરીને જ રાજય પરીક્ષા બોર્ડને આવેદનપત્રો સમય મર્યાદામાં મોકલી આપવાના રહેશે.
- પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારો માટે રાઇટર તરીકેની મંજૂરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરીએ આપવાની રહેશે.
- આચાર્યશ્રી મારફતે આવેલ સિવિલ સર્જનના અપંગતાના પ્રમાણપત્ર સહિતની ઉમેદવારની દરખાસ્ત ધ્યાને લઈ રાઈટરની મંજૂરી આપવાની રહેશે.
- ધોરણ-૧૧ સુધીના ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને રાઇટર તરીકેની મંજૂરી આપી શકાશે.
- જો અરજદાર ખાતાકીય પરીક્ષામાં હાજર ન રહેવાનું નક્કી કરે છે, તો એ ખાતાકીય પરીક્ષા શરૂ થયાની તારીખના ઓછામાં ઓછા દિવસ 30 પહેલા સંબંધિત કચેરીના વડા દ્વારા રાજ્ય પરીક્ષા બોર્ડને તેની જાણ કરવાની રહેશે. જો નિયત પદ્ધતિથી જાણ કર્યા સિવાયની અનઉપસ્થિતિને પ્રયત્ન તરીકે ગણવામાં આવશે. જેની નોંધ લેવી.

❖ <u>પાસ થવાનું ધોરણ:-</u>

❖ શિક્ષણ વિભાગના સુધારેલ ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2022/2406/G,તા.૧૭/૪/૨૦૨૩ મુજબ ઉમેદવારે દરેક પેપરમાં પાસ થવા માટે ૫૦% ગુણ મેળવવા ફરજીયાત છે. કોઈ વિષયમાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવનાર પરીક્ષાર્થીને વિષય પૂરતી મુક્તિ મળશે. જો કોઈ એક વિષયમાં ૫૦ ગુણથી ઓછા ગુણ મળવાને લીધે ઉમેદવારનું પરિણામ નાપાસ જાહેર થતું હોય તો માત્ર તેવા કિસ્સામાં એક વિષય પૂરતું જ વધુમાં વધુ પાંચ(૫) કૃપા ગુણ મળવાપાત્ર રહેશે.

❖ **પુનરાવર્તિત (રીપીટર) ઉમેદવારો માટે :-**

- અનુત્તિર્ણ થનાર ઉમેદવારને એક કે વધુ વિષયો/પેપરોમાં ૫૦% કે તેથી વધુ માર્કસ મેળવેલ હશે તો તેને તેવા વિષયો/પેપરોમાં પછીની પરીક્ષા માટે (Exemption) મુક્તિ મળવાપાત્ર રહેશે.
- આવા ઉમેદવારોએ તેમને મળવાપાત્ર મુક્તિ(Exemption)ના વિષયો/પેપરો માટે જે તે પરીક્ષાની પ્રમાણિત કરેલી માર્કશીટની નકલો આવેદનપત્રની પ્રિન્ટ સાથે જોડવાની રહેશે. તેમજ ઓનલાઇન ભરવામાં આવતા ફોર્મમાં તેનો ઉલ્લેખ કરવાનો રહેશે. આવેદનપત્રો ઓનલાઈન ભર્યા પછીની મુક્તિ અંગેની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

❖ **પરીક્ષાની તકો તથા પરીક્ષા ફી :**

- ઉમેદવાર ત્રણ તક સુધી વિનામૂલ્યે પરીક્ષા આપી શકશે. એસ.સી/એસ.ટી. ઉમેદવારોને ચાર તક સુધી વિનામૂલ્યે પરીક્ષા આપી શકશે.

❖ **પરીક્ષાનું માધ્યમ :-** આ પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

❖ **પરીક્ષાના પ્રશ્નપત્રનું માળખુ :-**

- દરેક પ્રશ્નપત્રમાં ૧૦૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે. આમ કુલ ૧૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે.
- ૧ થી 3 પ્રશ્નપત્રમાં ઉત્તરવહી OMR સ્વરૂપની રહેશે. જેમાં આપેલા વિકલ્પો પૈકી સાચા વિકલ્પમાં ગોળ ● કરવાનું રહેશે. જયારે પ્રશ્નપત્ર-૪ વર્ણનાત્મક હોઈ ઉત્તરવહી લેખિત સ્વરૂપની રહેશે.

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :-**

| ક્રમ | વિષય | તારીખ | સમય | ગુણ |
|---|---|---|---|---|
| ૧ | પ્રશ્નપત્ર ૧ - શાળા સંબંધી કાયદાઓ અને જોગવાઈઓ (પુસ્તક સાથે) | ૨૮/૧૧/૨૦૨૬ | ૧૧.૦૦ થી ૧.૦૦ | ૧૦૦ |
| ૨ | પ્રશ્નપત્ર ૨ - નાણાકીય બાબતો (પુસ્તક સાથે ) | ૨૮/૧૧/૨૦૨૬ | 3.૦૦ થી ૫.૦૦ | ૧૦૦ |
| 3 | પ્રશ્નપત્ર 3 - પ્રકીર્ણ (પુસ્તક સાથે ) | ૨૯/૧૧/૨૦૨૬ | ૧૧.૦૦ થી૧.૦૦ | ૧૦૦ |
| ૪ | પ્રશ્નપત્ર ૪ -ગુજરાતી- અંગ્રેજી ભાષા તથા કચેરી કાર્યપધ્ધતિ(પુસ્તક વિના ) | ૨૯/૧૧/૨૦૨૬ | 3.૦૦ થી ૬.૦૦ | ૧૦૦ |

❖ **ઉમેદવાર તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશે તો તે રદ ગણવામાં આવશે.**

❖ **જરૂરી આધારો/પ્રમાણપત્રો અંગેની સૂચનાઓ:**

- ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિંન્ટ કાઢી તેની સાથે નીચે મુજબના આધારો પ્રમાણપત્રો જોડવાના રહેશે.
- ઓનલાઇન અરજીપત્ર અને પરિશિષ્ટ-C મુજબનું પ્રમાણપત્ર ( શાળાના વડાના સહી-સિક્કા સાથે )
- નિયમિત નિમણૂકનો ઉમેદવારનો પૂરા પગારમાં સમાવ્યાનો કચેરી આદેશ.

❖ **ઓનલાઇન અરજી કરવાની રીત:-**

આ જાહેનામાના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન થયેલ અરજીઓ જ સ્વીકારવામાં આવશે. ઉમેદવારે તા: ૨૪/૦૯/૨૦૨૬ બપોરના ૧૫.૦૦ કલાક થી તા.૦૩/૧૦/૨૦૨૬ના રાત્રે ૧૧.૫૯ કલાક દરમ્યાન (www.sebexam.org) પર અરજીપત્રક ભરી શકશે.

❖ ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે. (કેપીટલ લેટર્સ)
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- Apply online ઉપર Click કરવું.
- ખાતાકીય પરીક્ષા લોઅર લેવલ સામે Apply Now પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ માંગવામાં આવેલ માહિતી ભરવાની રહેશે.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signature પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format મા 15 KB સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo અને Signature store થયેલ છે. તે ફાઇલને Select કરો અને Open Buttonને Click કરો. હવે Browse Buttonની બાજુમાં upload Button પર Click કરો. Photo અને Signature બંન્ને સાથે upload કરવાના રહેશે. હવે બાજુમાં તમારો Photo અને Signature દેખાશે.
- Confirm Application પર Click કરો.અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો ત્યારબાદ Submit પર Click કરો.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું.Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે Print Application પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અહીંથી તમારી અરજીપત્રકની Print તથા પ્રમાણપત્રની નકલ કાઢી લેવી .
- હવે અરજીપત્રકની પ્રિન્ટ પર ઉમેદવારે તેમના ફોર્મ સારણીમાં બતાવ્યા મુજબ શાળાના આચાર્ય મારફતે પ્રમાણપત્રો ઉપર સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સહી સિક્કા કરાવીને જ મોકલવાના રહેશે.
- ઉમેદવાર દ્વારા છેલ્લી વાર submit થયેલ online Application આખરી ગણાશે.
- અરજીપત્રક ભરતી વખતે માર્ગદર્શનની જરૂરિયાત જણાય તો રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ પર આપવામાં આવેલ હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવાનો રહેશે. સદર બાબત સમય મર્યાદાવાળી હોઈ પરીક્ષા સંબંધિત કોઈ

પ્રશ્ન હોય તો રાજય પરીક્ષા બોર્ડ ખાતે કચેરી સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. આ સિવાયના અન્ય માધ્યમો દ્વારા મળેલ રજૂઆતોને ધ્યાને લેવામાં આવશે નહિ.

- પરીક્ષા સંબંધિત બાબતો માટે રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ (www.sebexam.org) સતત જોતા રહેવું .
- પરીક્ષા અંગે ઉભા થતા વિવાદ બાબતે રાજય પરીક્ષા બોર્ડના અધ્યક્ષશ્રીનો નિર્ણય આખરી ગણાશે. અને તે સૌને બંધનકર્તા રહેશે.

(પી.કે.ત્રિવેદી)
**અધ્યક્ષ**
**રાજય પરીક્ષા બોર્ડ**
**ગાંધીનગર**

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ</u> :

- માન શિક્ષણમંત્રીશ્રીના.અંગત સચિવશ્રી શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય -, ગાંધીનગર.
- માન રાજય કક્ષાના.શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય -, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગ,બ્લોક નં-૫(૭મો માળ) નવા સચિવાલય,ગાંધીનગર.

<u>નકલ જાણ તથા કાર્યવાહી સારૂ</u> :

(૧) નિયામકશ્રી, નિયામકશ્રી શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ, ગુજરાત રાજય.
(3) જનરલ મેનેજરશ્રી,ઇન્ડેક્ષ-બી,ઉદ્યોગ ભવન,ગાંધીનગર.(પરીક્ષાના આયોજન સબબ આપની કક્ષાએ આયોજન કરવા સારૂ)

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૨૦૨૦/૧૫૪૨/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૦૮/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) વિભાગના તા.૦૧/૦૯/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૦૫-૧૯૩૪-ગ.
(૨) વિભાગના તા.૦૧/૦૯/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૯/૯૧૪/છ.
(૩) વિભાગની તા.૧૩/૧૦/૨૦૨૦ની યાદી ક્રમાંક: બમશ/૧૧૨૦૨૦/૪૭૮/ગ.
(૪) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૮/૦૩/૨૦૨૧નો ઠરાવ.
(૫) રાજ્ય પરીક્ષા બોર્ડનો તા.૨૭/૦૭/૨૦૨૧નો પત્ર ક્રમાંક: રાપબો/સચિવ/બિ.શૈ.ક/પરીક્ષા સમિતિ/૨૦૨૧/૬૦૮૧.

આમુખ:-

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૦૧/૦૯/૨૦૦૭ના ઠરાવથી ખાતાકીય પરીક્ષાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા.૦૧/૦૯/૨૦૨૦ના ઠરાવથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોના વિનિયમ-૨૪માં ઉમેરો કરી, રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓએ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ માટે સરકારના ધારાધોરણ મુજબ હિન્દીની પરીક્ષા, ખાતાકીય પરીક્ષા અને શૈક્ષણિક કર્મચારીઓએ હિન્દીની પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા (CCC) પાસ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિભાગની વંચાણે લીધા ક્રમાંક (૩) સામેની તા.૧૩/૧૦/૨૦૨૦ની યાદીથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે ખાતાકીય પરીક્ષાનું આયોજન કરવાની કામગીરી રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના તા.૦૮/૦૩/૨૦૨૧ના ઠરાવથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ નિયત કરવા સમિતિનું ગઠન કરવા સમિતિનું ગઠન કરવામાં આવેલ હતું. આ સમિતિની તા.૦૬/૦૭/૨૦૨૧ના રોજ મળેલ બેઠક અન્વયે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૫) સામેના પત્રથી કાર્યવાહી નોંધ મોકલી આપેલ હતી. જેના અનુસંધાને ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ નિયત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

રાજ્ય પરીક્ષા બોર્ડ
ઇનવર્ડ શાખા
નંબર 3405
તારીખ 04/09

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ માટેની ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ નીચે મુજબ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) નિયમિત નિમણૂંકના બે વર્ષ બાદ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારી આ પરીક્ષા આપવાપાત્ર બનશે.

(૨) ઉમેદવાર ત્રણ તક સુધી વિનામૂલ્યે પરીક્ષા આપી શકશે. એસ.ટી/એસ.સી. ઉમેદવારો ચાર તક સુધી વિનામૂલ્યે પરીક્ષા આપી શકશે.

(૩) ઉમેદવારને વધારાની તક માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જે ફી સૂચવવામાં આવશે તે મુજબ ફી ચૂકવીને વધારાની તક મેળવી શકશે.

(૪) પ્રશ્નપત્રનું પ્રારૂપ: ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ, સમય, ગુણ તથા પાસીંગ માટેના ધોરણો નીચે મુજબ રહેશે.

| ક્રમ | પેપર | ગુણ | સમય | પ્રશ્નપત્રનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | પ્રશ્નપત્ર-૧ | ૧૦૦ | ૨.૦૦ કલાક | MCQ (પુસ્તક સાથે) |
| ૨ | પ્રશ્નપત્ર-૨ | ૧૦૦ | ૨.૦૦ કલાક | MCQ (પુસ્તક સાથે) |
| ૩ | પ્રશ્નપત્ર-૩ | ૧૦૦ | ૨.૦૦ કલાક | MCQ (પુસ્તક સાથે) |
| ૪ | પ્રશ્નપત્ર-૪ | ૧૦૦ | ૩.૦૦ કલાક | વર્ણનાત્મક (પુસ્તક વગર) |

(૫) સરકારી કચેરીઓમાં જુનિયર કારકુનની બઢતી માટે લોઅર લેવલની પરીક્ષા અને સિનિયર કારકુન બઢતી માટે હાયર લેવલની પરીક્ષા લેવામાં આવે છે, તેવી જ રીતે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓમાં જુનિયર કારકુન માટે લોઅર લેવલ અને સિનિયર કારકુન માટે હાયર લેવલની પરીક્ષા લેવાની રહેશે.

(૬) ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ: ખાતાકીય પરીક્ષાના ૧ થી ૪ પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

| Lower Level Departmental Exam | Higher Level Departmental Exam |
|---|---|
| **પ્રશ્નપત્ર-૧ શાળા સંબંધી કાયદાઓ અને જોગવાઈઓ (૨ કલાક, MCQ ૧૦૦ ગુણ)**<br>૧.ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨<br>૨.ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪<br>૩.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા વિનિયમો (સુધારેલ) ૨૦૦૫<br>૪. ફાયર સેફ્ટી સંબધિત જોગવાઈઓ<br>૫. અનુદાનિત શાળાઓમાં બઢતી, નિમણૂંક, ફાજલ સંબધિત જોગવાઈઓ. | **પ્રશ્નપત્ર-૧ શાળા સંબંધી કાયદાઓ અને જોગવાઈઓ (૨ કલાક, MCQ ૧૦૦ ગુણ)**<br>૧. ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨<br>૨.ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪<br>૩.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા વિનિયમો (સુધારેલ) ૨૦૦૫<br>૪. ફાયર સેફ્ટી સંબધિત જોગવાઈઓ<br>૫.અનુદાનિત શાળાઓમાં બઢતી, નિમણૂંક, ફાજલ સંબધિત જોગવાઈઓ.<br>૬.શૈક્ષણિક ટ્રીબ્યુનલની જોગવાઈઓ. |

| | |
|---|---|
| **પ્રશ્નપત્ર-૨ Financial Matters (૨ કલાક, MCQ ૧૦૦ ગુણ)**<br>૧. પગાર, પગાર આધારિત ભથ્થા, રજા, પેન્શન, LTC, બઢતી, ઉચ્ચક નાણાકીય સહાય બાબતે સંબધિત અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડતી જોગવાઈઓ.<br>૨.વિદ્યાર્થીઓ માટેની (GOG, GOI) યોજનાઓ જેવી કે વિદ્યાદીપ યોજના, NMMS, NTSE વગેરે સ્કોલરશીપ સંબધિત યોજનાઓ.<br>૩.ગ્રાન્ટ ઈન એઈડ કોડ-૧૯૬૪<br>૪.ગ્રાન્ટની નવી નીતિ<br>૫.નવી પેન્શન નીતિ | **પ્રશ્નપત્ર -૨ Financial Matters (૨ કલાક, MCQ ૧૦૦ ગુણ)**<br>૧. પગાર, પગાર આધારિત ભથ્થા, રજા, પેન્શન, LTC, બઢતી, ઉચ્ચક નાણાકીય સહાય બાબતે સંબધિત અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડતી જોગવાઈઓ.<br>૨.વિદ્યાર્થીઓ માટેની (GOG, GOI) યોજનાઓ જેવી કે વિદ્યાદીપ યોજના, NMMS, NTSE વગેરે સ્કોલરશીપ સંબધિત યોજનાઓ.<br>૩.ગ્રાન્ટ ઈન એઈડ કોડ-૧૯૬૪<br>૪.ગ્રાન્ટની નવી નીતિ<br>૫.નવી પેન્શન નીતિ<br>૬.શાળા ઓડીટ અને શાળા ઈન્સ્પેક્શન. |
| **પ્રશ્નપત્ર-3 Miscellaneous (૨ કલાક, MCQ ૧૦૦ ગુણ)**<br>૧. Prevention of Corruption Act-1988<br>૨. માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫<br>૩. જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ (પોક્સો)<br>૪. કામકાજના સ્થળે જાતીય સતામણી અટકાવવાની જોગવાઈઓ.<br>૫. ખાનગી અહેવાલ (C.R) | **પ્રશ્નપત્ર-3 Miscellaneous (૨ કલાક, MCQ ૧૦૦ ગુણ)**<br>૧. Prevention of Corruption Act-1988<br>૨. માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫<br>૩. જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨(પોક્સો)<br>૪. કામકાજના સ્થળે જાતીય સતામણી અટકાવવાની જોગવાઈઓ.<br>૫. ખાનગી અહેવાલ(C.R)<br>૬.મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦. |
| **પ્રશ્નપત્ર-૪ ગુજરાતી અંગ્રેજી ભાષા તથા કચેરી કાર્યપદ્ધતિ (વર્ણનાત્મક પુસ્તક વગર, ૩ કલાક, ૧૦૦ ગુણ)**<br>૧.ભાષાંતર<br>૨.વ્યાકરણ<br>૩.શાળા સંબધિત પત્ર વ્યવહાર<br>(ઉક્ત ૧ થી ૩ મુદ્દાઓ અને અંગ્રેજી બંને ભાષાઓમાં ધોરણ-૧૦ સમકક્ષ રહેશે)<br>૪.શાળાએ નિભાવવાના રેકર્ડ અને રજિસ્ટર. | **પ્રશ્નપત્ર-૪ ગુજરાતી અંગ્રેજી ભાષા તથા કચેરી કાર્યપદ્ધતિ (વર્ણનાત્મક પુસ્તક વગર, ૩ કલાક, ૧૦૦ ગુણ)**<br>૧.ભાષાંતર<br>૨.વ્યાકરણ<br>૩.શાળા સંબધિત પત્ર વ્યવહાર<br>(ઉક્ત ૧ થી ૩ મુદ્દાઓ અને અંગ્રેજી બંને ભાષાઓમાં ધોરણ-૧૦ સમકક્ષ રહેશે)<br>૪.શાળાએ નિભાવવાના રેકર્ડ અને રજિસ્ટર.<br>૫.હાઈકોર્ટ મેટર તથા ટ્રીબ્યુનલ સંબધી પેરાવાઈઝ રીમાર્ક્સ અને એફિડેવીટ તથા શાળામાં કરવાની થતી કામગીરી. |

(૭) ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્રોના પાસીંગ ધોરણ બાબતે ઉમેદવારને પાસ થવા પેપરદીઠ ૫૦% ગુણ અને મુક્તિ માટે ૬૦% ગુણ મેળવવા જરૂરી રહેશે.

(૮) લેખિત પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અથવા અંગ્રેજી રાખવાનું રહેશે.

(૯) ઉમેદવારને કોઈપણ ઈલેક્ટ્રોનીક કમ્યુનિકેશન ડિવાઈસ જેમ કે સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર વગેરે સાથે લઈ જવાની મંજૂરી આપવામાં આવશે નહિ.

(૧૦) જો અરજદાર ખાતાકીય પરીક્ષામાં હાજર ન રહેવાનું નક્કી કરે છે તો એ ખાતાકીય પરીક્ષા શરૂ થવાની તારીખના ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલા સંબધિત કચેરીના વડા દ્વારા બોર્ડને તેની જાણ કરવાની રહેશે.

(૧૧) ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવ્યા બાદ ઉમેદવાર પરીક્ષામાં જાણ કર્યા વિના હાજર ન રહે તો ખાતાકીય પરીક્ષામાં પાસ થવાની એક તક ગુમાવી હોવાનું માનવામાં આવશે.

(૧૨) ઉમેદવાર પેપર ૧ થી ૩ પુસ્તકો સાથે સંપૂર્ણ વિષયોના જવાબ આપી શકશે, જ્યારે પેપર ૪ના જવાબ પુસ્તક વિના આપવાના રહેશે. “પુસ્તકો સાથે” એટલે ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત કરાયેલા અધિનિયમ હેઠળ જાહેર કરાયેલા કાયદાઓ/ પુસ્તકો/ ઠરાવો/ જાહેરનામા/ પરિપત્રો/ નિયમોનું સાહિત્ય રાખી શકશે. જ્યારે કાયદાઓ/નિયમોને લગતું, કોઈ વ્યકિતએ પ્રસિદ્ધ કરેલ પુસ્તક કે ખાનગી પ્રકાશનોનું સાહિત્ય ઉમેદવાર રાખી શકશે નહિ.

(૧૩) આ પરીક્ષા સામાન્ય રીતે વર્ષમાં એકવાર લેવામાં આવશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૧/૦૮/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.એચ.હેડંબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત).
- સેક્શન અધિકારીશ્રી (ગ.૧-શાખા, છ-શાખા), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

Letter No: ED/0149/04/2023 Dt: 17-04-2023

21 APR 2023
1072
7161

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: **ED/MSM/e-file/3/2022/2406/G,**

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધા:</u>

1. વિભાગનો તા.૩૧/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૨૦૨૦/૧૫૪૨/ગ.
2. વિભાગનો તા.૧૨/૦૭/૨૦૨૨નો સરખા ક્રમાંકનો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૨૦૨૦/૧૫૪૨/ગ.
3. સામાન્ય વહિવટ વિભાગનો તા.૨૫/૦૮/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:ખતપ/૧૦૨૦૨૨/૩૫૧/ક.
4. સામાન્ય વહિવટ વિભાગનો તા.૧૯/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:ખતપ/૧૦૨૦૨૨/૩૫૧/ક.

<u>આમુખ:-</u>

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) અને (૨) સામેના તા.૩૧/૦૮/૨૦૨૧ અને તા.૧૨/૦૭/૨૦૨૨ના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ નિયત કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવની શરત નં.(૭)માં ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્રોના પાસીંગ ધોરણ બાબતે ઉમેદવારને પાસ થવા પેપરદીઠ ૫૦% ગુણ અને મુક્તિ માટે ૬૦% ગુણ મેળવવા જરૂરી રહેશે તેવી જોગવાઈ કરેલ છે. સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના તા.૨૫/૦૮/૨૦૨૨ના ઠરાવથી રાજ્યના સરકારી કર્મચારી/અધિકારી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કરવાના ધોરણોમાં ફેરફાર કરવામાં આવેલ હતાં. સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવથી તા.૨૫/૦૮/૨૦૨૨ના ઠરાવની જોગવાઈમાં સુધારો કરવામાં આવેલ હતો. સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના તા.૨૫/૦૮/૨૦૨૨ના અને વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ અન્વયે રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાના નિયમોમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ બાબતના વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવના મુદ્દા નં(૭)માં નીચે મુજબ સુધારો કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| અગાઉની જોગવાઈ | સુધારેલ જોગવાઈ |
|---|---|
| (૭)ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્રોના પાસીંગ ધોરણ બાબતે ઉમેદવારને પાસ થવા પેપરદીઠ ૫૦% ગુણ અને મુક્તિ માટે ૬૦% ગુણ મેળવવા જરૂરી રહેશે. | (૭)(અ) કોઈ એક વિષયમાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવનાર પરીક્ષાર્થીને તે વિષય પૂરતી મુક્તિ મળશે.<br><br>(બ)જો કોઇ ઉમેદવારે ખાતાકીય પરીક્ષાના કુલ વિષય/પેપરમાંથી કોઇ એક વિષયમાં/પેપરમાં ૫૦ ગુણ/ ૫૦%ગુણ થી ઓછા ગુણ (<૫૦ગુણ/<૫૦% ગુણ) મેળવેલ હોય તેમજ અન્ય તમામ વિષય/પેપરમાં ૫૦ ગુણ/૫૦% ગુણ કે તેથી વધુ ગુણ (%) મેળવેલ હોય માત્ર અને માત્ર તેવા કિસ્સામાં એક વિષય પૂરતું જ, જે વિષયમાં ૫૦ ગુણ/૫૦% ગુણ કે તેનાથી ઓછા ગુણ(%)મેળવેલ હોય તે વિષય/પેપરમાં વધુમાં વધુ ૫ ગુણ/૫% ગુણ કૃપા ગુણ આપી ઉમેદવારને પાસ જાહેર કરી શકાશે. |

આ ઠરાવની જોગવાઈ તા.૨૫/૦૮/૨૦૨૨ બાદ લેવાયેલ ખાતાકીય પરીક્ષા માટે લાગુ પાડવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૩/૦૪/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

24/4/2023

પ્રતિ,

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત).
- સેક્શન અધિકારીશ્રી (ગ.૧-શાખા, છ-શાખા), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.

Signature valid
Signed by: J T Bandhaniya
Under Secretary
Date: 2023.04.17
14:24:37 +05:30

File No: ED/MSM/e-file/3/2022/2406/G
Approved By: Bhavesh Erda(Additional Secretary,FRC Cell,ED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

CS CamScanner

Letter No ED/0149/04/2023 Dt: 17-04-2023

• વિલેજ ફાઈલ

ક્ર:-ઉમશ/ઉમા-૪/ખા.પરીક્ષા/૨૦૨૩ |૨૦૬૩-૨૨૨૪

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં ૯/૧ ડૉ જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર
તા. /૪/૨૦૨૩
૪/૫/૨૩

**નકલ રવાના જરૂરી અમલ અને કાર્યવાહી સારૂ:-**

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,**
**તમામ**

**નાયબ શિક્ષણ નિયામક**
**(૧૦+૨) ખાસ ઘટક**
**ગુ. રા. ગાંધીનગર**

**નકલ રવાના જાણ સારૂ :-**

* અધ્યક્ષશ્રી રાજય પરીક્ષા બોર્ડ સેકટર -૨૧, ગાંધીનગર.
* સચિવશ્રી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સેકટર -૧૦ ગાંધીનગર
* મદદ .શિ. નિયામકશ્રી માધ્યમિક શાખા આ કચેરી
* શ્રેયાન અધિક્ષક ૧૦+૨ શાખા ઉમા-૧,૨,૪, ૮,ના ટેબલે
* પ્રમુખ, ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ
મુ- પો- ગળથ તા- ભેંસાણ જિ- જુનાગઢ

ક્રમાંક: શબન/૪૫૩૦ ૨૦૨૩
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
સહયોગ સંકુલ, એ-બ્લોક,
બીજો માળ, સેક્ટર નં. ૧૧,
ગાંધીનગર-૩૮૨૦૧૧.
તારીખ ૦૪-૦૫-૨૦૨૩

પ્રતિ
આચાર્ય શ્રી,
ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જી:- ગાંધીનગર

જાણ તથા અમલ સારૂ,

**જિલ્લા શિક્ષણાધિકારી**
**ગાંધીનગર જિલ્લો ગાંધીનગર**

CamScanner